પેજ 3

## સાધ્વીમાંથી ફરી મોડર્ન બની મમતા કુલકર્ણી



મુંબઈ, તા. 28: એક જમાનામાં બોલિવૂડને હચમચાવી દેનારી અભિનેત્રી મમતા કુલકર્ણીનું નામ હિટ અભિનેત્રીઓની યાદીમાં સામેલ હતું. જોકે, અચાનક જ મમતા કુલકર્ણી ઇન્ડસ્ટ્રીમાંથી ગાયબ થઈ ગઈ અને પછી અચાનક જ મહાકુંભ મેળામાં કિન્નર અખાડાના મહામંડલેશ્વરના પદ પર જોવામાં આવી. મમતા કુલકર્ણીને હવે કિન્નર અખાડાના મહામંડલેશ્વરના પદ પરથી દૂર કરી દેવામાં આવી છે. તાજેતરમાં મમતા કુલકર્ણી કલર્સ ટીવીના રિયાલિટી શો 'લાફ્ટર શેફ સીઝન 3'ના સેટ પર જોવા મળી હતી. મોટા ભાગે ભગવા વસ્ત્રોમાં જોવા મળતી મમતા કુલકર્ણી ત્યાં રિયાલિટી શોમાં લાલ ચટક સાડી, ગળામાં રુદ્રાક્ષની માળા છોડીને સોનાનો હાર, સોનાની કમરપટ્ટી, કાનમાં લાંબા ગોલ્ડન ઝુમકા અને શિમરી મેકઅપમાં એકદમ અલગ જ અવતારમાં જોવા મળી હતી.

## રાજપાલ યાદવે યુટ્યુબ ચેનલ લોન્ચ કરી



મુંબઈ, તા. 28: રાજપાલ યાદવ હાલમાં જ જેલમાં હતો અને આ દરમિયાન તે 9 કરોડના ચેક બાઉન્સ કેસમાં ફસાયો હતો. જોકે હવે જેલમાંથી બહાર છે અને ઘણા સિતારાઓએ તેમને મદદ કરી છે, પરંતુ અત્યારે તેમનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં તેઓ એક જાહેરાત કરતો નજરે પડી રહ્યો છે. આ વીડિયોનું માનીએ તો રાજપાલ યાદવ એક નવી ઇનિંગ્સની શરૂઆત કરવા જઈ રહ્યા છે અને આ માટે તેઓ પોતાની એક યુટ્યુબ ચેનલ લોન્ચ કરી રહ્યા છે. રૂ. 9 કરોડના આ કેસ વચ્ચે રાજપાલ યાદવનો આ નિર્ણય ચોંકાવનારો છે. થોડા સમય પહેલાથી જ તેમની આર્થિક તંગીને લઈને ચર્ચાઓ થઈ રહી છે.

## 'ધ કેરળ સ્ટોરી 2': ફિલ્મ રિલીઝના પ્રથમ દિવસે ટિકિટનું વેચાણ ધીમું

તિરુવનંતપુરમ/કોચી/કોઝિકોડ, તા. ૨૮ (પીટીઆઈ): 'ધ કેરળ સ્ટોરી ૨-ગોઝ બિયોન્ડ' ફિલ્મના રિલીઝ માટે કેરળ હાઈકોર્ટે લીલીઝંડી આપ્યાના એક દિવસ બાદ શનિવારે થિયેટર માલિકોએ જણાવ્યું હતું કે, ફિલ્મનું ટિકિટ વેચાણ ધીમું છે, પરંતુ આગામી દિવસોમાં તેમાં વધારો થવાની અપેક્ષા છે. દરમિયાન, ડેમોક્રેટિક યુથ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડીવાયએફઆઈ)ના કાર્યકરોએ રાજ્યના વિવિધ ભાગોમાં ફિલ્મ દર્શાવતા થિયેટરોની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને કહ્યું હતું કે તેઓ લોકોને આ ફિલ્મ જોવા દેશે નહીં, જે કથિત રીતે કેરળને ખરાબ રીતે દર્શાવે છે. ડીવાયએફઆઈના નેતાઓએ કહ્યું કે, તેઓ ફિલ્મો જોવા માંગતા લોકો અથવા થિયેટર માલિકોની વિરુદ્ધ નથી, પરંતુ તેઓ તે ફિલ્મનો વિરોધ કરી રહ્યા છે, જેનાથી કથિત રીતે રાજ્યની છબી ખરડાય છે. ટીવી ચેનલો પરનાં દ્રશ્યોમાં પ્રદર્શનકારીઓ ફિલ્મ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરતાં અને ફિલ્મ દર્શાવતા વિવિધ થિયેટરોમાં તેના પોસ્ટરો ફાડતાં જોવા મળ્યા હતા. ઓનલાઇન મૂવી ટિકિટ બુકિંગ એપ બુકમાયશોના આંકડા મુજબ, રાજ્યની રાજધાનીના વિવિધ થિયેટરોમાં ટિકિટનું વેચાણ ખૂબ જ ઓછું છે. બુકમાયશોના આંકડા અનુસાર, તિરુવનંતપુરમના લુલુ મોલમાં આવેલા પીવીઆર થિયેટરમાં દિવસ દરમિયાન નિર્ધારિત ચાર શો માટે સવારના ૧૦ વાગ્યા સુધી માત્ર ૬૮ બુકિંગ થયા હતા.

**સા રે ગ મ** — **અનિલ આનંદ**

### આબકારી મહત્ત્વાકાંક્ષા: ઉત્તર પ્રદેશ વિરુદ્ધ બિહાર

તેને 'બ્રુઇંગ એમ્બિશન' (ઉછળતી મહત્ત્વાકાંક્ષા) કહેવામાં આવે છે અને તે યોગ્ય પણ છે. કારણ કે, તે દારૂના દેવ 'બાક્સ' સાથે સંબંધિત છે. આ કોઈ વ્યક્તિના દારૂના વ્યસન સાથે જોડાયેલી મહત્ત્વાકાંક્ષા નથી, પરંતુ એક એવા રાજ્યની મહત્ત્વાકાંક્ષા છે જે દારૂબંધી હેઠળ છે અને તે પણ એવા પાડોશી રાજ્યની બાજુમાં જે આબકારી આવકમાંથી પુષ્કળ નફો કમાઈ રહ્યું છે. તમારો અંદાજ સાચો છે! આ બધું પાડોશી હિન્દી હાર્ટલેન્ડ રાજ્યો બિહાર (જ્યાં દારૂબંધી છે) અને ઉત્તર પ્રદેશ વિશે છે. જ્યારે યુપી તેની આબકારી ક્ષમતાનો પૂરો ઉપયોગ કરી રહ્યું છે ત્યારે મુખ્યમંત્રી નીતિશ કુમાર દ્વારા લાદવામાં આવેલી દારૂબંધી હેઠળ બિહાર મહેસૂલની તંગીનો સામનો કરી રહ્યું છે અને નિ:સહાય બનીને દૂરથી જોઈ રહ્યું છે. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ યુપીની યોગી આદિત્યનાથ સરકારે 'મેડ ઇન યુપી' બ્રાન્ડને વૈશ્વિક સ્તરે પહોંચાડવા માટે તેની પ્રથમ સ્વતંત્ર ત્રણ વર્ષની આબકારી નીતિ જાહેર કરી. નિકાસ માટેના દારૂ પરની ડ્યુટી, એક્સપોર્ટ પાસ ફી, ફ્રેન્ચાઇઝ ચાર્જ અને સ્પેશિયલ લેવીમાં ધરખમ ઘટાડો કરવામાં આવ્યો છે. બ્રાન્ડ રજિસ્ટ્રેશન અને લેબલની મંજૂરી સરળ બનાવવામાં આવી છે અને વિદેશી દારૂ, બીયર અને વાઇન પરની ફી માફ કરવામાં આવી છે. હેતુ સ્પષ્ટ લાગે છે: ભારતનું સૌથી વધુ આબકારી આવક મેળવતું રાજ્ય હવે દારૂના નિકાસનું હબ બનવા માંગે છે. આ બધું ત્યારે થઈ રહ્યું છે જ્યારે બિહારમાં ફરી એકવાર ગંભીર ચર્ચા ચાલી રહી છે કે દારૂબંધી ચાલુ રાખવી કે તેને હટાવી દેવી જોઈએ.

### રાજકીય મેદાનમાં 'લાઇટવેઇટ' નેતાની ભારે કવાયત

બોક્સિંગની ભાષામાં કહીએ તો, એક 'લાઇટવેઇટ' (હળવા વજનના) ખેલાડી પોતાની કેટેગરી બદલીને 'હેવીવેઇટ' બનવાની પ્રક્રિયામાં હોય તેવું લાગે છે. ના, તેઓ માઇક ટાયસન કે મોહમ્મદ અલીના વારસાને પડકારવા નથી નીકળ્યા, પરંતુ રાજકારણમાં પોતાનું વજન વધારવા માટે જોર લગાવી રહ્યા છે. આ વ્યક્તિ છે ભાજપના નવા નિમણૂક પામેલા મધ્ય પ્રદેશના પ્રદેશ અધ્યક્ષ હેમંત ખંડેલવાલ. તેમનું નામ ખાસ કરીને પાર્ટીની અંદર આશ્ચર્યજનક રીતે આવ્યું હતું અને તેમને તાત્કાલિક 'લાઇટવેઇટ' તરીકે ઓળખાવવામાં આવ્યા હતા. જોકે, છેલ્લા કેટલાક સમયથી તેમણે પોતાની પકડ મજબૂત કરવાનું અને સ્થિતિ સ્પષ્ટ કરવા માટે પોતાનો પ્રભાવ પાડવાનું શરૂ કર્યું છે. તેમનું હાલનું ધ્યાન રાજ્યમાં પક્ષના આંતરિક જૂથવાદને ડામવા પર છે. એક 'લાઇટવેઇટ' નેતા માટે આ કોઈ નાનું કામ નથી. કારણ કે, તેમણે કૈલાસ વિજયવર્ગીય અને ગોવિંદ સિંહ જેવા દિગ્ગજ (હેવીવેઇટ) નેતાઓ વચ્ચેના વિખવાદને ઉકેલવાનો છે. જ્યારે ગોવિંદ સિંહ અને ભૂપેન્દ્ર સિંહ બુંદેલખંડ ક્ષેત્રમાં જૂથવાદમાં વ્યસ્ત છે, ત્યારે વિજયવર્ગીયના કદાવર વ્યક્તિત્વને સ્થાનિક નેતાઓ તરફથી સખત વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. કોઈ વિકલ્પ ન બચતાં ખંડેલવાલે પોતાની તાકાત બતાવવાનું શરૂ કર્યું છે. તેમણે વિવિધ જૂથોની બેઠકો બોલાવી છે અને મુખ્યમંત્રી મોહન યાદવને વિરોધી જૂથોના મતવિસ્તારોની મુલાકાત લેવા વિનંતી કરી છે, જેથી એ સંકેત આપી શકાય કે તેઓ પક્ષ માટે 'મહત્વના' છે.

### મંત્રીની ઓફિસમાં એ.સી.બી.ના દરોડા

ભ્રષ્ટાચાર વિરોધી એજન્સીના જવાનો એક મંત્રીની ઓફિસ પર દરોડા પાડી રહ્યા છે! અને તે પણ મહારાષ્ટ્રમાં, જ્યાં ગઠબંધનનું રાજકારણ અને સરકાર બનાવવા માટે પક્ષો તોડવામાં પૈસાની ભૂમિકા હોવાના આક્ષેપો સામાન્ય છે. તેમ છતાં, જ્યારે એન્ટી કરપ્શન બ્યુરો (એ.સી.બી.)ની ટીમે ખાદ્ય મંત્રી નરહરિ ઝિરવાલ (જેઓ અજિત પવારની એનસીપીના છે)ની ઓફિસ પર દરોડો પાડ્યો ત્યારે તે સનસનીખેજ હેડલાઇન્સ બની ગઈ. મંત્રીને મોટું આશ્ચર્ય થયું, પરંતુ ભગવાનનો આભાર કે દરોડા પાડનારાઓ તેમની શોધમાં નહોતા આવ્યા, પરંતુ લાંચ લેવાના આરોપમાં એક ક્લર્કની ધરપકડ કરવા આવ્યા હતા.

# બોલિવિયામાં ચલણી નોટો ભરેલું કાર્ગો પ્લેન ક્રેશ



**૧૫નાં** મોત, હાઈવે પર કરન્સીનો વરસાદ

**અકસ્માત** સ્થળે વેરવિખેર થયેલી નોટો એકઠી કરવા લોકો ઊમટી પડ્યા

રનવે પરથી ઉતરી વિમાન ખેતરમાં ખાબક્યું; ૧૫થી વધુ વાહનોનો કચ્ચરઘાણ

લા પાઝ (બોલિવિયા), તા. ૨૮ (એપી) - શુક્રવારે બોલિવિયાની રાજધાની પાસે પૈસા લઈ જઈ રહેલું એક કાર્ગો પ્લેન ક્રેશ થતાં હાઈવે પર લગભગ એક ડઝન વાહનોને નુકસાન થયું હતું, જમીન પર નોટો વેરવિખેર થઈ ગઈ હતી અને ઓછામાં ઓછા ૧૫ લોકોનાં મોત થયાં હતાં તેમજ અન્ય લોકો ઘાયલ થયા હતા. એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

સંરક્ષણ પ્રધાન માર્સેલો સેલિનાસે જણાવ્યું હતું કે, હર્ક્યુલસ સી-૧૩૦ વિમાન નવી છપાયેલી બોલિવિયન ચલણી નોટો લઈ જઈ રહ્યું હતું ત્યારે તે રાજધાની લા પાઝને અડીને આવેલા શહેર અલ ઓલ્ટોના એરપોર્ટ પર લેન્ડ થયું અને રનવે પરથી ઊતરીને નજીકના ખેતરમાં જઈને પડ્યું હતું. અગ્નિશામકો વિમાનમાં લાગેલી આગને ઓલવવામાં સફળ રહ્યા હતા.

ફાયર ચીફ પાવેલ તોવારે જણાવ્યું હતું કે, ઓછામાં ઓછા ૧૫ લોકોનાં મોત થયાં છે, પરંતુ તેમણે સ્પષ્ટતા કરી ન હતી કે મૃતકો વિમાનમાં હતા કે નજીકના હાઈવે પરની કારમાં.

સેલિનાસે દુર્ઘટનામાં કેટલા લોકો માર્યા ગયા છે તેનો આંકડો સ્પષ્ટ કર્યો ન હતો અને જણાવ્યું હતું કે, અકસ્માતનું કારણ તપાસવામાં આવી રહ્યું છે.

બોલિવિયન એરફોર્સના જનરલ સર્જિયો લોરાએ જણાવ્યું હતું કે, શુક્રવારે મોડી સાંજ સુધી વિમાનના છ ક્રૂ મેમ્બરોમાંથી બે મળ્યા ન હતા, તેમણે ઉમેર્યું કે વિમાન પૂર્વી શહેર સાન્ટા ક્રુઝથી આવી રહ્યું હતું.

સોશિયલ મીડિયા પરની તસવીરોમાં વિમાનના કાટમાળ, નાશ પામેલી કાર અને રસ્તા પર વિખરાયેલા મૃતદેહો જોવા મળ્યા હતા. તોવારના જણાવ્યા અનુસાર, ઓછાંમાં ઓછાં ૧૫ વાહનોને નુકસાન થયું હતું.

બોલિવિયન એરફોર્સનું આ વિમાન લા પાઝમાં પૈસા પહોંચાડી રહ્યું હતું અને સોશિયલ મીડિયા પરની તસવીરોમાં લોકો અકસ્માત સ્થળે વેરવિખેર થયેલી નોટો એકઠી કરવા દોડતા જોવા મળ્યા હતા, જ્યારે પોલીસ તેમને વિખેરવાનો પ્રયાસ કરી રહી હતી.

# આંધ્ર પ્રદેશ: ફટાકડા ફેક્ટરીમાં બ્લાસ્ટથી ૨૧નાં મોત



વેટલાપાલેમ (આંધ્ર પ્રદેશ), તા. 28 (પીટીઆઈ): આંધ્ર પ્રદેશના મંત્રી કંદુલા દુર્ગેશના જણાવ્યા અનુસાર, શનિવારે અહીંના કાકીનાડા જિલ્લામાં ફટાકડાના યુનિટમાં થયેલા વિસ્ફોટમાં 21 લોકોનાં મોત થયાં છે અને અન્ય 8 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

મંત્રીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ ઘટનાસ્થળની મુલાકાત લે તેવી શક્યતા છે.

મંત્રીએ પત્રકારોને જણાવ્યું હતું કે, ''જ્યાં સુધી મને જાણ છે ત્યાં સુધી અહીં (ઘટનાસ્થળે) 21 મૃતદેહો જોવા મળ્યા છે. અન્ય આઠ વ્યક્તિઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. યુનિટમાં આશરે 30 લોકો હતા.''

મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, ''આ રાજ્યમાં થયેલો સૌથી મોટો વિસ્ફોટ છે. સંપૂર્ણ વિગતો હજી આવવાની બાકી છે. કોઈના બચવાની કોઈ શક્યતા નથી. કેટલાક લોકો સારવાર હેઠળ છે.''

મંત્રીએ ઉમેર્યું હતું કે, ''અધિકારીઓ આગ લાગવાના કારણની તપાસ કરી રહ્યા છે, જેના કારણે વિસ્ફોટ થયો હતો. તમામ કામદારો સમાજના ગરીબ વર્ગના છે. મુખ્યમંત્રી ચોક્કસપણે પરિવારોને મદદ કરવા અંગે નિર્ણય લેશે.

પરંતુ અમે જીવ પાછા લાવી શકતા નથી.''

વિસ્ફોટ બપોરે 2 વાગ્યાની આસપાસ થયો હતો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દરેક મૃતકના નજીકના સંબંધીઓને પીએમએનઆરએફમાંથી 2-2 લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી હતી, જ્યારે ઘાયલોને 50-50 હજાર રૂપિયા આપવામાં આવશે.

# સરકારી એજન્સીઓને એન્થ્રોપિક કંપનીની ટેકનોલોજીનો ઉપયોગ કરવાની ટ્રમ્પની મનાઇ

**આ કંપનીએ** અમેરિકી લશ્કરને તેની એઆઇ ટેકનોલોજીનો અનિયંત્રિત ઉપયોગ કરવાનો ઇન્કાર કરતા અમેરિકી પ્રમુખનું કડક પગલું

**એન્થ્રોપિક્સને** સરકારી સેવામાંથી દૂર કરાયાના થોડા જ કલાકોમાં ઓપનએઆઇનો પેન્ટાગોન સાથે કરાર

વૉશિંગ્ટન, તા. ૨૮(એપી): ટ્રમ્પ વહીવટીતંત્રે શુક્રવારે તમામ યુએસ એજન્સીઓને એન્થ્રોપિક (Anthropic) ની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજીનો ઉપયોગ બંધ કરવાનો આદેશ આપ્યો છે અને અન્ય મોટા દંડ લાદ્યા છે. આ સાથે એઆઈ (AI) સુરક્ષાને લઈને સરકાર અને કંપની વચ્ચેનો અસામાન્ય વિવાદ વધુ વણસ્યો છે.

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, સંરક્ષણ સચિવ પીટ હેગસેથ અને અન્ય અધિકારીઓએ સોશિયલ મીડિયા પર એન્થ્રોપિકની આકરી ટીકા કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે શુક્રવારની સમયમર્યાદા સુધીમાં કંપનીએ સૈન્યને તેની AI ટેકનોલોજીનો અનિયંત્રિત ઉપયોગ કરવાની મંજૂરી આપી નથી. સીઈઓ ડારિયો એમોડેઈએ પોતાની સુરક્ષા નીતિઓનું ઉલ્લંઘન થવાની ભીતિ વ્યક્ત કરતા પીછેહઠ કરવાનો ઈનકાર કર્યો હતો, જેના પગલે સરકારે કંપની પર રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મૂકવાનો આરોપ લગાવ્યો છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર કહ્યું, અમને તેની જરૂર નથી, અમે તે ઈચ્છતા નથી, અને અમે ફરી ક્યારેય તેમની સાથે વ્યવહાર કરીશું નહીં!

હેગસેથે કંપનીને પુરવઠા શૃંખલા માટે જોખમી તરીકે ગણાવી હતી. આ લેબલ સામાન્ય રીતે વિદેશી શત્રુ દેશો પર લગાવવામાં આવે છે, જે અન્ય વ્યવસાયો સાથેની કંપનીની મહત્વપૂર્ણ ભાગીદારીને અવરોધી શકે છે. તેની હરીફ કંપનીને સજા થયાના થોડા કલાકો પછી, OpenAI ના CEO સેમ ઓલ્ટમેને શુક્રવારે રાત્રે જાહેરાત કરી હતી કે તેમની કંપનીએ વર્ગીકૃત લશ્કરી નેટવર્ક્સને AI સપ્લાય કરવા માટે પેન્ટાગોન સાથે સોદો કર્યો છે, જે સંભવત: એન્થ્રોપિકની વિદાયથી પડેલી ખોટને પૂરી કરશે.



# કિમ જોંગે પોતાની ૧૩ વર્ષની પુત્રીને સ્નાઇપર રાઇફલ ભેટમાં આપી!

**કિમ** જોંગ પુત્રી કિમ જુ એને દેશના ભાવિ નેતા તરીકે તૈયાર કરી રહ્યા હોવાની વધેલી અટકળો

પ્યોંગયાંગ, તા. ૨૮: તમારી કિશોરવયની પુત્રીની વિશ લિસ્ટમાં કદાચ તમને જે એક વસ્તુ જોવાની અપેક્ષા ન હોય, તે છે સ્નાઈપર રાઈફલ.

પરંતુ, ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉન દ્વારા તેમની 13 વર્ષીય પુત્રી કિમ જુ એ ને આ જ ભેટ આપવામાં આવી છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે એવી અફવાઓ તેજ છે કે કિમ તેને દેશના ભાવિ નેતા તરીકે તૈયાર કરી રહ્યા છે. ગયા શુક્રવારે કિમ જોંગ ઉન તેમની પુત્રી સાથે જોવા મળ્યા હતા, જ્યાં તેમણે સપ્તાહભર ચાલેલી સત્તાધારી પક્ષની બેઠક બાદ ટોચના સરકારી અને લશ્કરી અધિકારીઓને નવી સ્નાઈપર રાઈફલ્સ અર્પણ કરી હતી. આ બેઠક તેમના નેતૃત્વની ઉજવણી માટે યોજાઈ હતી. જુ એ, જેની ઉંમર 12 થી 14 વર્ષની વચ્ચે હોવાનું માનવામાં આવે છે, તે પણ સ્નાઈપર રાઈફલની બેરલમાંથી નિશાન તાકતી જોવા મળી હતી. તેણીની સતત વધતી જતી જાહેર ઉપસ્થિતિએ એવી અટકળોને વેગ આપ્યો છે કે કિમ તેને ઉત્તર કોરિયાના આગામી સરમુખત્યાર તરીકે તૈયાર કરી રહ્યા છે.

# બોત્સ્વાનાથી વધુ 9 ચિત્તાઓનું કુનો નેશનલ પાર્કમાં આગમન




**કેન્દ્રીય** વન મંત્રી ભૂપેન્દ્ર યાદવે છ માદા અને ત્રણ નર ચિત્તાઓને વાડામાં છોડ્યા

**કુલ** સંખ્યા વધીને હવે 48 થઈ

શ્યોપુર (મધ્ય પ્રદેશ), તા. 28 (પીટીઆઈ): બોત્સ્વાનાથી એરલિફ્ટ કરીને લાવવામાં આવેલા નવ ચિત્તાઓ શનિવારે મધ્ય પ્રદેશના કુનો નેશનલ પાર્કમાં પહોંચ્યા હતા અને તેમને એક વાડામાં છોડવામાં આવ્યા હતા. આ સાથે પુન:પ્રવેશ કાર્યક્રમ હેઠળ ભારતમાં ચિત્તા કુળના આ શિકારી પ્રાણીઓની સંખ્યા વધીને 48 થઈ ગઈ છે. મધ્ય પ્રદેશના એડિશનલ પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ્સ (વાઈલ્ડલાઈફ) એલ. કૃષ્ણમૂર્તિએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય વન મંત્રી ભૂપેન્દ્ર યાદવે છ માદા અને ત્રણ નર ચિત્તાઓને ક્વોરેન્ટાઈન માટે વાડામાં છોડ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ચાર વર્ષની ચિત્તા વસ્તી પુનરુત્થાન યોજનાના ભાગરૂપે આફ્રિકાથી ચિત્તાઓની ત્રીજી બેચ દિવસ દરમિયાન ભારતીય વાયુસેના (આઈએએફ)ના વિમાન દ્વારા પહોંચી હતી. પત્રકારો સાથે વાત કરતાં જિલ્લા જનસંપર્ક અધિકારી અવંતિકા શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, પ્રાણીઓને આઈએએફના વિમાન દ્વારા બોત્સ્વાનાથી ગ્વાલિયર લાવવામાં આવ્યા હતા અને ત્યાર બાદ તેમને આઈએએફના હેલિકોપ્ટરમાં કુનો લઈ જવામાં આવ્યા હતા.

પ્રોજેક્ટ ચિત્તાના નિયામક ઉત્તમ શર્માએ જણાવ્યું હતું કે, આઈએએફ ચિત્તા પુનરુત્થાન કાર્યક્રમમાં મદદ કરી રહ્યું છે અને અગાઉ સપ્ટેમ્બર 2022માં નામિબિયાથી અને ફેબ્રુઆરી 2023માં દક્ષિણ આફ્રિકાથી આ પ્રાણીઓને લાવવામાં મદદ કરી હતી.

શર્માએ કહ્યું હતું કે, ''વધુ ચિત્તાઓનું આગમન પુનરુત્થાન કાર્યક્રમને મજબૂત બનાવશે. કેન્દ્ર સરકારના સહયોગથી અમે વસ્તીને વહેલી તકે 50 સુધી પહોંચાડવાનું લક્ષ્ય રાખ્યું છે.''

# બંગાળમાં SIR પછીની મતદારયાદીમાં ૬૬ લાખ નામો રદ થવાની શક્યતા

**ચૂંટણી** પંચે પશ્ચિમ બંગાળની 'પોસ્ટ-SIR' મતદાર યાદી પ્રસિદ્ધ કરી, પોતાના નામો જોવા SDO અને BDO કચેરીઓ પર લોકોની લાંબી કતારો

**૫૮ લાખ** નામો રદ થયા, હજી બીજા ૮ લાખ નામો રદ થઇ શકે, ઉપરાંત ૬૦ લાખ નામો ચકાસણીઆધીન કક્ષામાં

કોલકાતા, ૨૮ ફેબ્રુઆરી (PTI): ચૂંટણી પંચે શનિવારે પશ્ચિમ બંગાળની 'પોસ્ટ-SIR' મતદાર યાદી પ્રસિદ્ધ કરી છે, જેમાં દર્શાવવામાં આવ્યું છે કે ગયા વર્ષે નવેમ્બરથી શરૂ થયેલી આ કવાયત બાદ લગભગ ૬૬ લાખ નામો રદ થવાની શક્યતા છે, જ્યારે અન્ય ૬૦ લાખ નામોને 'પેન્ડિંગ' (under adjudication) રાખવામાં આવ્યા છે. એપ્રિલમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા મતદાર યાદીમાં આ એક મોટો ફેરફાર છે.

અંતિમ પરંતુ અપૂર્ણ યાદીઓનું તબક્કાવાર પ્રકાશન એ ૧૧૬ દિવસની રાજ્યવ્યાપી કવાયતનું પરિણામ છે જે ૪ નવેમ્બરે શરૂ થઈ હતી, જ્યારે બૂથ-લેવલના અધિકારીઓએ ગણતરી માટેના ફોર્મ્સ વહેંચવાનું શરૂ કર્યું હતું. ૧૬ ડિસેમ્બરે પ્રસિદ્ધ થયેલી ડ્રાફ્ટ યાદીમાં મતદારોની સંખ્યા ૭.૬૬ કરોડથી ઘટાડીને ૭.૦૮ કરોડ કરવામાં આવી હતી, જેમાં મૃત્યુ, સ્થળાંતર, ડુપ્લિકેશન અને પત્તો ન મળવાના આધારે ૫૮ લાખથી વધુ નામો કાઢી નાખવામાં આવ્યા હતા. વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, સુનાવણી અને તપાસ બાદ વધુ આઠ લાખ નામો રદ કરવામાં આવતા, SIR-સંબંધિત કુલ ઘટાડો હવે ૬૬ લાખની આસપાસ પહોંચી ગયો છે. જોકે, ફોર્મ ૬ હેઠળ નવા નામો ઉમેરવા અને ફોર્મ ૭ હેઠળના વાંધાઓ પર પ્રક્રિયા ચાલુ હોવાથી આ આંકડામાં હજુ ફેરફાર થઈ શકે છે. આ દિવસની શરૂઆતમાં, મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીના એક વરિષ્ઠ અધિકારીએ PTI ને જણાવ્યું હતું કે, ચૂંટણી પંચ (EC) ડ્રાફ્ટ રોલ્સમાં દૂર કરાયેલા 58 લાખ નામો ઉપરાંત અન્ય આશરે આઠ લાખ નામો કાઢી નાખે તેવી શક્યતા છે. આ સાથે રાજ્યમાં SIR-લિંક્ડ કુલ રદ કરાયેલા નામોની સંખ્યા આશરે 66 લાખ સુધી પહોંચી જશે.